
# ભિલોડા તાલુકાના વાઘેશ્વરી ગામના જંગલ વિસ્તારમાં કણજીદ્રાનો ધોધ વહેતો થયો

ભિલોડા,તા.૨૩

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના વાઘેશ્વરી ગામના ગાઢ જંગલ વિસ્તાર કણજીદ્રા ધોધ વર્ષો બાદ જીવંત બન્યો છે. સાર્વત્રીક મેઘ મહેર દરમ્યાન વહેતા પાણીના ધોધ ચોમાસા દરમ્યાન વહેતા થયા હોઈ ત્યારે આહ્‌લાદક નજારો જોવા મળી રહ્યો છે. કુદરતી સૌદર્ય વચ્ચે આહ્‌લાદક દ્રશ્યો માણવા મુંબઈ, સુરત, વડોદરા, અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, બનાસકાંઠા, પાટણ સહિત દુર-દુર થી સહેલાણીઓની અવરજવર શરૂ થઈ ગઈ છે. અંતરીયાળ ડુંગરાળ વિસ્તારમાં આવેલા સુપ્રસિધ્ધ સુનસરનો ધોધ વહેતો થયા બાદ વધુ એક ધોધ આ વિસ્તારમાં જીવંત બનતા પ્રકૃતિ પ્રેમીઓમાં આનંદની લાગણી પ્રસરી છે. સાર્વત્રીક મેઘમહેરથી ચારે તરફ ડુંગરો ઉપર અને સીમવિસ્તારોમાં લીલોતરી જ લીલોતરી જોવા મળે છે. જાણે કે ધરતી માતાએ લીલી ચાદર ઓઢી હોય તેવા રમણીય આહ્‌લાદક દ્રશ્યો ઠેર-ઠેર જોવા મળે છે. વરસાદ બાદ કુદરતનું સુંદર રૂપ માણવા પ્રકૃતિ પ્રેમીઓની અવરજવર જીલ્લાના છેવાડે આવેલા વિજયનગર અને ભિલોડા તાલુકામાં વધવા પામી છે. આકર્ષણનું કેન્દ્ર એટલે સુનસર અને વાઘેશ્વરીનો ધોધ જાણે મીની કાશ્મીર સમા નયનરમ્ય દ્રશ્યો માણવા પ્રકૃતિ પ્રેમીઓ આવતા હોય છે.

અંતરીયાળ ડુંગરાળ વિસ્તારમાં કુદરતી સૌદર્ય સોળે શણગાર સજીને બેઠું છે. કુદરતના સાનિધ્યમાં પ્રકૃતિ પ્રેમીઓ લાભ મેળવી રહ્યા છે. સોશીયલ મીડીયામાં વાઈરલ થયેલો મેસેજ ઘટે તો જીંદગી ઘટે રે... બાકી તો કંઈ ન ઘટે રે... સુનસર અને વાઘેશ્વરીનો ધોધ જોવો એટલે મોજ જ મોજ...



# સૌરાષ્ટ્ર-દક્ષિણ ગુજરાતમાં અતિભારે વરસાદની સંભાવના

## ગુજરાતમાં કુલ વરસાદ ૯૦ ટકાથી વધુ નોંધાયો છે : રાજ્યના જળાશયોમાં ગત વર્ષ કરતા ૨૬ ટકા વધુ પાણી વરસાદ બાદ નર્મદા ડેમમાં ૮૨.૬૧ ટકા જળસંગ્રહ થયો

ગાંધીનગર, તા.૨૩

ગુજરાતમાં ફરી એકવાર ભારેથી અતિભારે વરસાદની ચેતવણી આગામી પાંચ દિવસ માટે જારી કરવામાં આવી છે. સૌરાષ્ટ્ર અને ખાસ કરીને પોરબંદરમાં ભારે વરસાદ થઈ શકે છે જ્યારે દક્ષિણ ગુજરાતના વલસાડ, નવસારી, દમણ દાદરાનગર હવેલીમાં ભારે વરસાદની શરૂઆત થઈ ચુકી છે. સૌરાષ્ટ્રના જુદા જુદા ભાગો અને દક્ષિણ ગુજરાતના કેટલાક ભાગોમાં વરસાદ થયો છે. ઉત્તરપૂર્વ અરેબિયન દરિયા ઉપર અપરએર સાયક્લોનિક સરક્યુલેશનની સ્થિતિ પ્રવર્તી રહી છે જેથી ભારેથી અતિભારે વરસાદ પડવાની ચેતવણી જારી કરાઈ છે. બનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણા, પાટણ, ખેડા, વડોદરામાં પણ ભારેથી અતિભારે વરસાડ પડી શકે છે. રાજ્યમાં મેઘરાજાએ સાર્વત્રિક રીતે મહેર કરી છે જેના પરિણામે ચાલુ સીઝનનો સરેરાશ વરસાદ ૯૦ ટકાથી વધુ નોંધાયો છે. રાજ્યના ૨૦૪ જળાશયોમાં ૩,૯૪,૭૫૧.૪૨ એમસીએફટી જેટલો જળસંગ્રહ થયો છે, જે કુલ સંગ્રહશકિતના ૭૦.૯૧ ટકા જેટલો થાય છે. રાજ્યમાં થયેલા સાવર્ત્રિક વરસાદને પરિણામે આજની તારીખે રાજ્યના ૨૦૪ જળાશયોમાં જે જળસંગ્રહ ૭૦.૯૧ ટકા છે તે ગત વર્ષે ૪૪.૨૧ ટકા જેટલો હતો. આમ ગત વર્ષ કરતા આ વર્ષે રાજ્યના જળાશયોમાં ૨૬ ટકા વધુ પાણી છે.રાજ્યના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળતી માહિતી મુજબ, રાજ્યભરમાંથી આજની તારીખ ૨૩-૦૮-૨૦૧૯ સુધીમાં ૯૦ ટકાથી વધુ સરેરાશ વરસાદ થયો છે. એમાં સૌથી વધુ દક્ષિણ ગુજરાત ઝોનમાં ૧૦૪.૯૫ ટકા અને સૌથી ઓછો વરસાદ ઉત્તર ગુજરાત ઝોનમાં ૬૭.૩૩ ટકા જેટલો નોંધાયો છે. જ્યારે કચ્છ ઝોનમાં ૧૦૨.૬૯ ટકા, સૌરાષ્ટ્રમાં ૭૮.૮૬ ટકા, પૂર્વ-મધ્ય ગુજરાતમાં ૮૪.૬૧ ટકા જેટલો સરેરાશ વરસ્યો હોવાના અહેવાલો પ્રાપ્ત થયા છે. રાજ્યમાં થયેલ સાર્વત્રિક વરસાદને પરિણામે આજની તારીખે રાજ્યના ૨૦૪ જળાશયોમાં જે જળસંગ્રહ ૭૦.૯૧ ટકા છે તે ગત વર્ષે ૪૪.૨૧ ટકા જેટલો હતો. ઉત્તર ગુજરાતની ૧૫ યોજનામાં ૩૧.૧૨ ટકા, મધ્ય ગુજરાતની ૧૩ યોજનામાં ૯૩.૦૫ ટકા, દક્ષિણ ગુજરાતની ૧૩ યોજનાઓમાં ૭૯.૨૧ ટકા, કચ્છની ૨૦ યોજનામાં ૬૧.૩૮ ટકા અને સૌરાષ્ટ્રની ૧૩૯ યોજનાઓમાં ૫૩.૪૦ ટકા જેટલો જળસંગ્રહ થયો છે. રાજ્યના ૨૦૪ જળાશયો પેકી ૩૪ જળાશયો ૧૦૦ ટકા કે તેથી વધુ ભરાયા છે. ૫૧ જળાશયો ૭૦ ટકા થી ૧૦૦ ટકા વચ્ચે, ૧૯ જળાશયો ૫૦થી ૭૦ ટકા વચ્ચે, ૪૨ જળાશયો ૨૫ ટકાથી ૫૦ ટકા વચ્ચે અને ૫૮ જળાશયો ૨૫ ટકાથી ઓછા ભરાયા છે. આમ, રાજયરના જળાશયોની સ્થિતિ એકંદરે સારી બની રહી છે,





## ગાંધીનગર ખાતે અતિ વિશિષ્ટ સરકીટ હાઉસનું લોકાર્પણ

રાજ્યના પાટનગર ગાંધીનગર ખાતે કાર્યરત સરકીટ હાઉસની બાજુમાં જ રૂા. ૬.૫૦ કરોડના ખર્ચે નવનિર્મિત આધુનિક સુવિધાથી સજ્જ ''અતિ વિશિષ્ટ'' સરકીટ હાઉસનું નાયબ મુખ્યમંત્રી અને માર્ગ મકાન મંત્રી નીતિનભાઈ પટેલે લોકાર્પણ કર્યુ હતું. નાયબ મુખ્યમંત્રી પટેલે લોકાર્પણ કર્યા બાદ મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, ગુજરાત જ્યારે મોડલ રાજય છે અને પાટનગર ગાંધીનગર ખાતે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાના કાર્યક્રમો યોજાતા હોય છે ત્યારે આ કાર્યક્રમમાં આવતા મહાનુભાવોને આ કક્ષાની સગવડ મળી રહે તે આશયથી આ નવીન સરકીટ હાઉસ બનાવવામાં આવ્યું છે. જેના લીધે ગુજરાતનું આતિથ્ય એ લોકોને સારી રીતે મળી શકશે અને એના લાભો પણ આવનાર સમયમાં રાજ્યને મળશે.

# બિસ્માર રસ્તાઓને નવરાત્રિ પૂર્વે પૂર્વવત કરવા તૈયારીઓ

**નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે ખાતરી આપી : માર્ગ મરામતના કામો યુદ્ધના ધોરણે શરૂ કરાયા : ધાર્મિક, પ્રવાસન સ્થળોને જોડતા ટ્રાફિકવાળા માર્ગોને પ્રાથમિકતા**

ગાંધીનગર,તા.૨૩

નાયબ મુખ્યમંત્રી અને માર્ગ મકાન મંત્રી નીતિન પટેલે જણાવ્યું છે કે, માર્ગ સુવિધાના નેટવર્ક ક્ષેત્રે ગુજરાતે દેશમાં સારી પ્રતિષ્ઠા મેળવી છે ત્યારે આ વર્ષના ચોમાસામાં ભારે વરસાદથી જે રસ્તાઓ બિસ્માર થયા છે તે રસ્તાઓને રાબેતા મુજબ વાહન વ્યવહાર થઈ શકે તે માટે નવરાત્રી પહેલા પૂર્વવત કરી દેવાશે. નાયબ મુખ્યમંત્રીએ ઉમેર્યુ કે, વરસાદને કારણે તેમજ પૂરના પાણી રસ્તાઓ પરથી પસાર થવાના કારણે માર્ગોને કરોડો રૂપિયાનું નૂકસાન થયુ છે. તે રસ્તાઓ પરના નાળા/પુલોને પણ ભારે વરસાદને કારણે નૂકશાન થયેલ છે. એ રસ્તાઓ તથા નાળા/પુલો પણ પૂર્વવત કરવાની કામગીરી યુદ્ધના ધોરણે માર્ગ-મકાન વિભાગ દ્વારા હાથ ધરી દેવામાં આવી છે. રાજ્યમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગો, સ્ટેટ હાઈવે, જિલ્લા માર્ગોને તથા અન્ય ગ્રામ્ય માર્ગોને પણ નૂકસાન થયુ છે તેમાં જે ધાર્મિક સ્થળો, પ્રવાસન સ્થળોને જોડતા માર્ગોને અગ્રીમતાના ધોરણે મરામત કરીને વાહનવ્યવહાર પુર્વવત થાય એ રીતે કામ કરવાનું શરૂ કરી દેવાયું છે.

તેમણે ઉમેર્યુ કે, નાગરિકોને સુવિધા આપવા માટે માર્ગો પર જે નૂકશાન થયું હોય અને ધોવાણ થયુ છે તે તમામ માર્ગો પર માટી કામ, મેટલ કામ અને ડામર પેચ વર્કના કામો શરૂ કરી દેવાયા છે. જે સત્વરે પૂર્ણ કરાશે. ઉપરાંત આગામી સમયમાં વરસાદ ન પડે, ઉઘાડ નિકળે અને અનૂકુળ પરિસ્થિતિ રહે તો માર્ગ-મકાન વિભાગ દ્વારા હોટ મીક્સ પ્લાન્ટ શરૂ કરાવીને પેવરથી ડામર પેચવર્કના કામો સત્વરે યુદ્ધના ધોરણે પૂર્ણ કરાશે. તેમણે કહ્યું કે, જે માર્ગો પર મોટા પ્રમાણમાં નૂકશાન થયું છે તે માટે કાર્પેટીંગની જરૂરીયાત માટે અલગથી ટેન્ડર પ્રક્રિયા હાથ ધરીને આ કામો પણ સત્વરે પુરા કરાશે. રાજ્યના માર્ગોને પ્રાથિક અંદાજ મુજબ ૫૦ કરોડથી વધુનું નૂકશાન થયુ છે તે તમામ કામો ઝડપથી પૂર્ણ કરાશે તેમ તેમણે ઉમેર્યુ હતું.



## ચિતરીયા ગામમાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો

સાબરકાંઠા જીલ્લાના વિજયનગર તાલુકાના અંતરીયાળ ડુંગરાળ વિસ્તારના ચિતરીયા ગામની પાદરે આવેલા ગમેલા તળાવના કિનારે હરિયાળુ ગુજરાત રાજ્ય કાર્યક્રમ અંતર્ગત વન મહોત્સવ પ્રસંગે વૃક્ષારોપણનો કાર્યક્રમ ઉમળકાભેર રીતે યોજાયો હતો. આ પ્રસંગે સાબરકાંઠા જીલ્લા ગ્રામ વિકાસ, નિયામક આર.એન.ડામોર, નિવૃત્ત માહિતી નિયામક કે.એમ.ડામોર, અરવલ્લી જીલ્લા ભાજપ આદિજાતિ મોરચો, મહામંત્રી, શૈલેષભાઈ મોથલીયા, વિજયનગર રેન્જ વન વિભાગ આર.એફ.ઓ. એચ.કે.પંડ્યા, ચિતરીયા ગ્રામ પંચાયત તલાટી ક્રમ મંત્રી, રાજકીય, સામાજીક આગેવાનો, ગ્રામજનોની ઉપસ્થિતીમાં વન મહોત્સવનો કાર્યક્રમ ઉત્સાહભેર યોજાયો હતો.

## વડગામના છાપીમાં ગીતાંજલી સ્કૂલમાં જન્માષ્ટની ઉજવણી

વડગામ તાલુકાના વેપારી મથક ગણાતા છાપીમાં આવેલી ગીતાંજલી સ્કલમાં જન્માષ્ટમીની ઉજવણી કરવામાં આવી હતી.

જેમાં શાળાના બાળકો દ્વારા રાધા-કૃષ્ણની કોમ્પીટીશનમા તમામ બાળકો ઘરેથી વિવિધ ટ્રેડીશનલ ડ્રેસ પહેરીને આવ્યા હતા અને બાળકોએ કૃષ્ણ આરતી, પ્રાર્થના, સ્વચ્છતા એકાંકી નાટક, ગરબા તથા દેશી ગામડાના ઢોલના તાલે ગીતો ગાઈને ગરબા રમ્યા હતા. ત્યારબાદ બાળકોએ વિવિધ રમતો જેવી કે રસાખેંચ, પગ બાંધી દોડવું, લોટમાંથી પૈસા શોધવા જેવી રમતોએ રમી હરીફાઈ સાથે જન્માષ્ટમી પર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરાઈ હતી.

## સરસવ માધ્યમિક હાઈસ્કુલ રોલ-પ્લે સ્પર્ધામાં પ્રથમ ક્રમે

સરસવ માધ્યમિક હાઈસ્કુલ રોલ-પ્લે સ્પર્ધામાં પ્રથમ ક્રમે ઝળકી હતી.સ્ટેટ પ્રોજેક્ટ ઓફીસર વસ્તી શિક્ષણ એકમ જી.સી.આર.ટી., ગાંધીનગર અને જીલ્લા શિક્ષણ અધિકારી સાબરકાંઠા આયોજીત જીલ્લા કક્ષાની ઈડર ડાયટ ખાતે યોજાયેલ રોલ પ્લે સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવ્યું હતું.રોલ પ્લેનો વિષય માદક દ્રવ્યોનું સેવન અને માનવ જાત પર તેની અસર વિશે હતું.આચાર્ય ચંદુભાઈ પટેલીયા, ઉપઆચાર્ય, માર્ગદર્શક વિજયભાઈ વરદાણાએ રાજ્યકક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા સંદર્ભે બિરદાવ્યા હતા.



ગાંધીનગર જિલ્લા રેડક્રોસની ટીમે રાજ્યના રાજ્યપાલશ્રી મહામહીમ આચાર્ય દેવવ્રતની શુભેચ્છા મુલાકાત લીધી તેની તસ્વીર.

# હિંમતનગરમાં સીએનજી રિક્ષા માટે સ્ટેન્ડ નક્કી કરવા કલેક્ટરને રજુઆત

હિંમતનગર, તા. ૨૩

હિંમતનગર સહીત જિલ્લામાં અન્ય સ્થળે અંદાજે ૧૦ હજારથી વધુ સીએનજી રિક્ષાઓ રોડ પર દોડે છે. દરમ્યાન હિંમતનગરમાં પણ એક સ્થળેથી બીજા સ્થળે જવા માટે લોકો સીએનજી રિક્ષાનો ઉપયોગ કરે છે પરંતુ નગરપાલિકા કે અન્ય વહીવટીતંત્ર દ્વારા સીએનજી રિક્ષાઓ માટે શહેરમાં વિવિધ ઠેકાણે કોઈ સ્ટેન્ડ મુકરરર ન કરાયા હોવાથી સીએનજી રિક્ષા ચાલકોને પારાવાર મુશ્કેલી વેઠવી પડે છે. જે અંગે ગુરૂવારે જિલ્લા ઓટો રિક્ષા એસોસિએશન દ્વારા જિલ્લા કલેક્ટરને લેખિત જાણ કરાઈ છે.

આ અંગે સાબરકાંઠા જિલ્લા ઓટો રિક્ષા એસોસિએશનના પ્રમુખ મનુભાઈ રાજપુત, ઉપપ્રમુખ ગોપાલભાઈ સોલંકી તથા મહામંત્રી બાબુભાઈ શેખે જિલ્લા કલેક્ટરને કરાયેલી લેખિત રજૂઆતમાં જણાવ્યા મુજબ દિનપ્રતિદિન હિંમતનગરમાં આસપાસના ગામડાઓમાંથી આવતા લોકોની અવરજવર ખુબજ વધી ગઈ છે. જેના લીધે હિંમતનગરમાં ફરતી અંદાજે ૧ હજારથી વધુ રિક્ષાઓના ચાલકો જ્યારે સવારી લઈને જાય છે.

પરંતુ તેમના માટે નગરપાલિકાની હદમાં આવતા અનેક વિસ્તારોમાં પાલિકા, પોલીસતંત્ર કે કલેક્ટર દ્વારા સીએનજી રીક્ષા સ્ટેન્ડ માટે અલાયદી જગ્યા ફાળવવામાં આવી નથી. જેના લીધે બિચારા રિક્ષા ચાલકો જ્યાં જગ્યા મળે ત્યાં રિક્ષા ઉભી રાખીને સવારીની રાહ જુએ છે. બીજી તરફ પાલિકાનુ દબાણખાતુ અથવા તો માર્ગ અને મકાન વિભાગ દ્વારા દબાણો હટાવવાના બહાને રિક્ષાચાલકોને જ્યાં ઉભા હોય ત્યાંથી ખદેડી મૂકે છે. ઓટો રિક્ષા એસોસિએશનની લાગણી અને માંગણી છે કે હિંમતનગરમાં તંત્ર દ્વારા સીએનજી રિક્ષાચાલકો માટે સ્ટેન્ડ મુકરર કરવા માટે સર્વે કરીને એસોસિએશનને સાથે ચર્ચા કરી કાયમી ધોરણે રિક્ષા સ્ટેન્ડ ફાળવવા જોઈએ.

સાબરકાંઠા જિલ્લા એસોસિએશન દ્વારા હિંમતનગરમાં છેલ્લા કેટલાક વર્ષોથી વધી રહેલા ટ્રાફીકને કારણે વાહન પાર્કિંગની સમસ્યા મોં વકાસીને ઉભી છે ત્યારે તંત્ર દ્વારા શહેરના મહેતાપુરા, મોતીપુરા, પોલોગ્રાઉન્ડ, મહાવીરનગર, બસસ્ટેન્ડ સહીતના અન્ય સ્થળે સીએનજી રિક્ષા માટે સ્ટેન્ડ બનાવવા અલાયદી જગ્યાની માંગણી કરી છે.

## સિસિકા દ્વારા ફિઝીયોથેરાપી કેમ્પ યોજાયો

સિનિયર સિટીઝન કાઉન્સિલ તથા ગાંધીનગર વૈષ્ણવ સમાજ દ્વારા શેઠ સી.એમ. પટેલ કોલેજ ઓફ ફિઝીયોથેરાપી ગાંધીનગરના સહયોગથી ફરતી વાનમાં ફિઝીયોથેરાપી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો લાભ કુલ ૧૧૧ નગરજનો દ્વારા લેવામાં આવ્યો હતો. જેમાં સાંધા, કમર, હાડકાના દુ:ખાવા તથા સ્નાયુની તકલીફ અંગે સારવાર આપવામાં આવી હતી. ફિઝીયોથેરાપી કોલેજના ડૉ. રચીતા હાડા તથા વિદ્યાર્થીઓ સાથે કાઉન્સિલના કાર્યકર ભાઈઓ બહેનો તથા સે-૨૧ હવેલી મંદિરના સ્ટાફ દ્વારા સેવા પુરી પાડવામાં આવી હતી.

## કે.બી. ફાર્મસી કોલેજની 'એપોકેલિપ્સ-૨૦૧૯'નું સમાપન

ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન કે.બી. ઈન્સ્ટિટ્યુટ ઓફ ફાર્માસ્યુટિકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ દ્વારા સતત ૧૦મા વર્ષે આયોજિત ઈન્ટર કોલેજ ફાર્મા ઈવેન્ટ 'એપોકેલિપ્સ-૨૦૧૯'નુંસમાપન થયુ છે. આ ઈવેન્ટમાં ૧૩ જેટલી સ્પર્ધાઓનું આયોજન કરાયુ હતુ. જેમાં રાજ્યભરની ૧૩ ફાર્મસી કોલેજોના મળીને આશરે ૪૫૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ ઈવેન્ટના ઉદ્‌ઘાટન પ્રસંગે લામ્બડા થેરાપ્યુટિક રીસર્ચના ક્લિનિકલ ટ્રાવલ્સ મેનેજમેન્ટના જનરલ મેનેજર ડૉ. આશુતોષ જાની તથા સમાપન પ્રસંગે ધર્મસિંહ દેસાઈ યુનિવર્સિટીના ફાર્મસી વિભાગના ડીન ડૉ. બી.એન. સુહાગિયા મુખ્ય મહેમાનપદે ઉપસ્થિત રહ્યાં હતા.

## જન્માષ્ટમી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સ્વામિનારાયણ મંદિર, સે-૨૩ સ્વામિનારાયણ મંદિર , સે-૧૬ સોમનાથ મહાદેવ, સે-૧૬ તિરુપતિ બાલાજી મંદિર સે-૨૯ જલારામ ધામ સે-૪ સે -૩ સે-૨ સહીતના વિવિધ ધાર્મિક સ્થળોએ જન્માષ્ટમીના પાવન પર્વની ધામધુમ પુર્વક ઉજવણી કરાશે. જન્માષ્ટમી પર્વની ઉજવણી નવરાત્રિની જેમ હવે સોસયટીઓમાં પણ વિશેષ રીતે થાય છે .સેકટરની શેરીઓમાં મટીક ફોડનો કાર્યક્રમ યોજવા માટે પણ ઠેર ઠેર આયોજન થઈ રહ્યા છે. સોસાયટીમાં પણ પારિવારિક અને ભક્તિસભર માહોલમાં કૃષ્ણજન્મોત્સવની ઉજવણી કરવામાં આવે છે. સે-૨૨ સ્થિત પંચદેવ મંદિર ખાતે જન્માષ્ટમી નિમિત્તે દરવર્ષની જેમ આ વર્ષે ભવ્ય મેળાનુ પણ આયોજન કરાયુ છે. જેમાં ભાવિકો મોટી સંખ્યામાં લાભ લેશે. જિલ્લામાં સ્થિત વિવિધ મંદિરોમાં પણ જન્માષ્ટમીના પર્વ નિમિત્તે મેળા સહીત વિવિધ ધાર્મિક કાર્યક્રમોનુ પણ આયોજન કરાયુ છે. પવિત્ર શ્રાવણ મહીનામાં દિવસ દરમિયાન ઓમ નમ : શિવાયના જયઘોષના અંતે મોડીરાત્રે નંદ ઘેર આનંદ ભયોનો જય જયકારથી નગર ગુંજી ઉઠશે.

## ત્રાહિમામ્

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મનપાના અધિકારીઓએ એક સંયુક્ત બેઠક યોજી હતી અને પાણી પુરવઠો પુરા ફોર્સથી મળશે તેવી જાહેરાત કરી હતી.

આ જાહેરાત કર્યાને પણ એક સપ્તાહ જેટલો સમય થવા આવ્યો પરંતુ સમસ્યાનો ઉકેલ નહિ આવતાં નગરજનો ત્રાસી ઉઠ્યા છે. નવા સેક્ટરોમાં પણ હવે આ સમસ્યા પેચીદી બની છે. ડહોળુ પાણી પણ પુરા ફોર્સથી નહિ આવતુ હોવાથી તેમજ પુરા સમય સુધી આવતુ નહિ હોવાથી લોકો હવે થાકી ગયા છે અને તંત્ર પરથી ભરોસો ઉઠી ગયો છે. આ બાબતે કેટલાકે તો સરકારમાં રજુઆત કરવા માટે પણ મન બનાવી લીધુ હોવાનું અને તે અંગે રેલી કરી સચિવાલય જવુ તેવી વિચારણા શરૂ કરી હોવાનું જાણવા મળેલ છે.

જન્માષ્ટમી, ગણેશચતુર્થી તેમજ નવરાત્રીના પર્વો આવી રહ્યા છે પહેલાં આ સમસ્યાનું ચોક્કસ નિરાકરણ આવે તેમ લોકો ઈચ્છી રહ્યા છે.

## આદેશો આપ્યા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પછી આ મુદ્દો દબાવી દેવામાં કમિશ્નરની વહીવટીય પાંખ સફળ રહી હતી. આજે આ મુદ્દો પૂરક એજન્ડામાં આવ્યો હતો અને સર્વાનુમતે રાજીનામુ નામંજૂર કરી તેમને પુનઃ ફરજ પર બોલાવવા માટેના આદેશો જારી કર્યા હતા.

છેલ્લી સ્થાયી સમિતિની બેઠકમાં પણ ડે. મ્યુનિ. કમિશ્નરશ્રી દ્વારા આડેધડ કરાયેલી બદલીના હુકમોના સંદર્ભે ઠપકો આપતો પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો હતો. તો આજની બેઠકમાં સેક્રેટરીનું રાજીનામુ નામંજૂર કરવામાં આવતાં કમિશ્નરની વહીવટીય પાંખને નીચુ જોવાપણુ થયુ છે. સ્થાયી સમિતિમાં કમિશ્નરની ટીકા કરાતા એવુ પણ કહેવાયુ હતુ કે આસિ. સેક્રેટરીને બદલે બીજા અધિકારીને ચાર્જ આપવાનો નિર્ણય પણ અયોગ્ય હતો.

આજની સ્થાયી સમિતિમાં મુખ્યમંત્રી શહેરી વિકાસ સ્વર્ણીમ જયંતિની ગ્રાન્ટમાંથી ધોળાકુવા ખાતે લગ્નવાડી, સેન્ટ્રલ વર્જને લોખંડની ગ્રીલો લગાડી રક્ષિત કરવાની બાબત તેમજ સેક્ટરોની કમ્પાઉન્ડ વોલ બનાવવા સહિતના કામોને મંજૂરી આપવામાં આવી હતી.

આ ઉપરાંત યુડીપી-૭૮ હેઠળ રસ્તાઓના રીપેરીંગ માટે સરકારે ફાળવેલ રૂ. ૩.૩૧ કરોડની ગ્રાન્ટમાંથી રોડ નં. ૧ અને ૨ તેમજ જી.ટી.એસ. વાળા રોડનું રિસરફેસીંગ, રિકાર્પેટીંગ કરી સ્ટ્રેન્ધનીંગનું કામ કરવા માટે માર્ગ-મકાન વિભાગ હસ્તક મુકી આપવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો હતો.

મહાનગરપાલિકાની આજની બેઠકમાં વિવિધ સેક્ટરોમાં પેવર બ્લોકના ટેન્ડરને પણ બહાલી આપી દેવામાં આવી છે તેમજ આ કામગીરીનું અસરકારક મોનીટરીંગ કરવામાં આવે તેવી મૌખિક સૂચનાઓ આપવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

મનપાની આજની બેઠકમાં લેવાયેલા નિર્ણયો પછી આગામી દિવસોમાં વહીવટીય પાંખ અને સત્તાધારી પાંખ વચ્ચે આકરા ઘર્ષણ પેદા થશે તેવા સંકેતો પાટનગરના રાજકીય વર્તુળોમાંથી મળી રહ્યા છે.

## અમીત શાહ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેમજ રાજ્ય સરકારની યોજનાઓ અંગે પણ તંત્ર દ્વારા પ્રેઝન્ટેશન તૈયાર કરવામાં આવનાર છે. આ પ્રેઝન્ટેશનમાં ખાસ કરીને પ્રધાનમંત્રી આવાસ યોજના, જળશક્તિ યોજના, શિક્ષણ વિભાગની યોજનાઓ, કિસાન માન ધન યોજના, કિસાન સન્માન નિધિ સહિતના વિષયોને આવરી લેવામાં આવશે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહની અધ્યક્ષતામાં નવી લોકસભાની રચના થતાં આ અંગે ડીસ્ટ્રીક્ટ લેવલ મોનીટરીંગ સેલ 'દિશા'ની પણ રચના કર્યા પછી પ્રથમ બેઠક છે. આ બેઠકમાં જિલ્લામાં વિકાસના કામોનું અમલીકરણ ક્યાં કેટલુ છે તેનો સીધો પડઘો પડશે.

આ બેઠકમાં રેલ્વે સ્ટેશન રિ-ડેવલપમેન્ટ પ્રોજેક્ટની કામગીરી ઉપરાંત સ્વચ્છતા અભિયાન અંગે પણ વિશેષ ચર્ચાઓ થશે તેમજ બી.એસ.એન.એલ.ની સેવાઓને લઈ પણ ચર્ચા કરાશે તેમ જાણવા મળેલ છે. અગાઉ આ બેઠક પક્ષના વરિષ્ઠ નેતા અડવાણીના અધ્યક્ષપદે મળતી હતી જે ઉલ્લેખનીય છે.

આ બેઠકમાં સ્માર્ટ સીટી અંતર્ગત થયેલ કામગીરીને લઈ વિસ્તૃત સમીક્ષા કરવામાં આવશે તેમજ સાંસદ આદર્શ ગ્રામ યોજનાની પ્રગતિ અંગે પણ સમીક્ષા કરાશે તેમ જાણવા મળેલ છે.

## ટેમ્પરરી

● અનુસંધાન પહેલાનું ચાલુ

કોઈ શબ્દો નથી અને કોઈ વ્યવસ્થા પણ નથી. જે પણ ટેમ્પરરી હતા તેને અમે દૂર કરી ચુક્યા છે. તેમણે કહ્યું હતું કે, જે ટેમ્પરરી હતા તેમને દૂર કરવામાં ૭૦ વર્ષ લાગી ગયા છે. તેના ઉપર હસવું જોઈએ કે પછી રડવું જોઈએ તે બાબત સમજાઈ રહી નથી. કલમ ૩૭૦ બંધારણમાં અસ્થાયી જોગવાઈ તરીકે જોડવામાં આવ્યા બાદ આની ટિકા થઈ રહી હતી. મોદીએ કહ્યું હતુ કે, બીજી અવધિમાં માત્ર ૭૫ દિવસના ગાળામાં જ સરકારે અનેક મહત્વપૂર્ણ નિર્ણયો કર્યા છે. પરિવારવાદ, ભ્રષ્ટાચાર પર પ્રહાર કરતા કહ્યું હતું કે, નવા ભારતે સપનોના માર્ગ ઉપર આગેકૂચ કરી દીધી છે. મોદીએ મંચ ઉપર જ્યારે બોલવાની શરૂઆત કરી ત્યારે લોકોએ જોરદાર સ્વાગત કર્યું હતું. મોદીએ ફ્રેચ ભાષામાં પણ લોકોનો આભાર માન્યો હતો. બંને દેશો દરેક ક્ષેત્રોમાં એકબીજાની સાથે છે. ભારત અને ફ્રાંસની મિત્રતા પર ભાર મુકતા તેમણે કહ્યું હતું કે, ભારતમાં ફ્રાંસની ફુટબોલના જેટલા સમર્થક છે તેમની સંખ્યા ભારતમાં છે તેટલી સંખ્યા ફ્રાંસમાં પણ નથી. જ્યારે ફ્રાંસે વર્લ્ડકપમાં વિજેતા ટ્રોફી જીતી હતી ત્યારે ભારતમાં પણ ઉજવણી થઈ હતી. મોદીએ કહ્યું હતું કે, હાલના દિવસોમાં પેરિસ રામની ભક્તિમાં ગળાડૂબ છે. મોદીએ કહ્યું હતું કે, સામાન્ય વ્યક્તિ રાજનેતા પોતાના વચનો ભુલાવી દે છે પરંતુ ચાર વર્ષ પહેલા જ્યારે તેઓ અહીં આવ્યા હતા જે વચનો આપ્યા હતા તે પુરા થયા છે. ૧૩૦ કરોડ ભારતીય વાસીઓના વિશ્વાસની સાથે ભારત તેજગતિથી આગળ વધી રહ્યું છે. આજ કારણસર અગાઉ કરતા પણ વધારે પ્રચંડ બહુમતિ સાથે સરકારને સમર્થન મળ્યું છે.

## ખરાબ સમય

● અનુસંધાન પહેલાનું ચાલુ

દેશની અર્થવ્યવસ્થા ઉપર પણ દેખાશે. તેઓએ કહ્યું કે છેલ્લા ૭૦ વર્ષોમાં નાણાકીય ક્ષેત્રની આવી હાલત ક્યારેય નથી રહી. ખાનગી ક્ષેત્રમાં હજુ કોઈ કોઈના પર વિશ્વાસ નથી મૂકી રહ્યું અને ન તો કોઈ લોન આપવા તૈયાર છે. દરેક ક્ષેત્રમાં રોકડ અને પૈસાને એકત્ર કરવામાં આવી રહ્યા છે. આ પૈસાને બજારમાં લાવવા માટે સરકારને વધારાના પગલાં ઉઠાવવા પડશે. અર્થવ્યવસ્થામાં સુસ્તી વિશે નીતિ આયોગના ઉપાધ્યક્ષે કહ્યું કે પૂરી સ્થિતિ ૨૦૦૯-૧૪ દરમિયાન સમજ્યા-વિચાર્યા વગર આપવામાં આવેલી લોનનું પરિણામ છે. તેનાથી ૨૦૧૪ બાદ નોન પર્ફોમિંગ એસેટ વધી છે. તેઓએ કહ્યું કે ફસાયેલો લોનમાં વૃદ્ધિથી બેંકોની નવી લોન આપવાની ક્ષમતા ઓછી થઈ છે. આ ઘટની ભરપાઈ બિન-બેકિંગ નાણાકીય કંપનીઓ (એનબીએફસી)એ કરી. તેનાથી લોનમાં ૨૫ ટકાની વૃદ્ધિ થઈ. એનબીએફસી લોનમાં આટલી વૃદ્ધિનું પ્રબંધન ન કરી શકે અને તેનાથી કેટલાક મોટા એકમોમાં રોકડ ચૂકવણી ડિફોલ્ટની સ્થિતિ ઊભી થઈ. અંતે તેનાથી અર્થવ્યવસ્થામાં સુસ્તી આવી.